ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ટાઢ ઓઢી સુતું'તું નળિયા, દંગલ કરી નાખ્યું*
*શાંતિ ઓઢી સુતું'તું રણ, ને જંગલ કરી નાખ્યું!*
*ફેલાતી દુર્ગંધ દેસની રંગીલા રંગલાઓ એ -*
*દાણચોરી-દુષ્કાળે, પોલીસનું મંગલ કરી નાખ્યું*

હાઈકુ

*મેજ નીચેના -*
*આર્થિક વહેવારે -*
*ભીંસ વાળીને...*
*(ડોનેશન દાનવ)*

*લ્યો! દફતર -*
*થશે ભાર વિનાનું -*
*માનો આભાર...*
*(ફતવા-ફિતુર)*

### ચિંતન

**પરોપકાર ફલન્તિ વૃક્ષાઃ પરોપકારાય વહન્તિ નદ્યઃ ।**
**પરોપકારાય દુહન્તિ ગાવઃ પરોપકારાર્થમિદં શરીમમ્ ॥**

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત 'સુભાષિત સંગ્રહ' માંથી લેવામાં આવેલ છે.

વૃક્ષો પરોપકાર માટે ફળો આપે છે. નદીઓ પરોપકાર માટે વહે છે. ગાયો પરોપકાર માટે દૂધ આપે છે, આ શરીર પર પરોપકાર માટે જ છે.

કેટલાંક લોકો જીવનને માત્ર ફરજ અને કર્તવ્યના વર્તુળમાં કેદ રાખી જીવી જાય છે. પોતાનાં ફરજ અને કર્તવ્ય પણ 'શુષ્ક' રીતે કરવું પડે એટલે જ કરતા હોય છે એમાં જીવ-આત્મા-પ્રેમ-ઉત્સાહનો અભાવ જ હોય છે.

'જીવન' આયુષ્ય એ ઈશ્વરીય ઉમદા ભેટ છે. ઈશ્વરે આપણને કોઈક 'હેતુ' માટે અહીં જન્મ આપ્યો છે આપણને ખબર નથી પણ પ્રજા - પરિવાર-સમાજની સેવા કરી પરોપકારમય ઈશ્વરના કાર્યમાં સૂર પરોવી જીવન જીવવાથી જીવન સંગીનનું માધુર્ય મહેકી ઉઠશે. પોતાના કરતાં બીજાં માટે જીવવું એ જ સાચું જીવન છે.

### સુવિચાર

- કોઈના સમય ઉપર હસવાની હિંમત ના કરતા કેમ સમય હંમેશા ચહેરા યાદ રાખે છે - **ફેસબુક**
- 'ધીરજ' એટલે રાહ જોવાની ક્ષમતા નહિં... પણ ,
  રાહ જોતી વખતે સ્વભાવને કાબુમાં રાખવાની ક્ષમતા - **રાજ લખતરવી**
- પૈસા અને ઉંમર ઉપર કયારે અભિમાન નહીં કરવું કેમ કે
  જે ગણી શકાય છે તે ખતમ થઈ જાય છે - **ઐસ. ભટ્ટાચાર્ય**
- આ દુનિયામાં સાચું દુઃખ એ નથી કે કોઈ ખોટું બોલે છે,
  દુઃખ એ છે કે સાચું જાણનારા ચૂપ છે - **મોરારિ બાપુ**
- માણસનો મૂળભૂત સ્વભાવ, જે ડગલે ને પગલે માન માંગે છે, અને અહીં દરેકને પોતાની વાત 'ખાસ' પણ બીજાની વાત 'ટાઈમ પાસ' લાગે છે - **અખંડ આનંદ**
- ફક્ત સુગંધ પહેરીને ફૂલના થવાય, ખરી જવાની તાકાત પણ હોવી જોઈએ - **રમેશ પારેખ**
- આજનું ઔષધ : ઠંડી ઋતુમાં થયેલ પિત્તમાં ૨૦ લીમડાના પાનના રસ સવાર-સાંજ લેવાથી આરામ મળે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઈશ્વરનું સતત ચિંતન અને ભક્તિથી ચરિત્ર શુદ્ધ થાય છે અને પવિત્ર-આનંદમય-શાંત જીવન જીવવામાં સરળતા રહે છે આવા પરમાનંદની પ્રાપ્તિ એ જ 'ઈશ્વર' છે. ભગવાન ગરૂડ પર બેસી દેહધારીની જેમ મળતા નથી પણ તમારા જીવનમાં 'આનંદ' સ્વરુપ પ્રગટે છે.

સાવરકુંડલાનો એક નિર્દોષ ભક્ત સહજ ભાવે ઈશ્વરનાં ભજન-કીર્તન કરતો અને સદાય હસતો 'આનંદમય' જીવન જીવતો એનું નામ હતું મનસુખ વણકર.

કોઈએ તેના માટે અફવા ફેલાવી દીધી કે ભગત મનસુખ વણકર ભગવાન મળી ગયા છે... લોકો તેને દર્શને અને સત્સંગમાં આવવા લાગ્યા - અને એમ મનસુખની ભક્તિ પણ વધવા લાગી.

ભાવનગરના એક રાજાને કાને પણ આ વાત પહોંચી - રાજા રસાલા સાથે સાવરકુંડલા ગયા. તેના સત્સંગમાં બેઠાં - સત્સંગ પછી રાજાએ મનસુખને કહ્યું તને ભગવાન મળ્યાં છે? એની સાબિતી આપ!

મનસુખે હાથ જોડી કહ્યું, મારા જેવાને આંગણે આપ પધાર્યા એ જ મોટી સાબિતી નથી?

રાજા સંકોચ સાથે ભક્તને વંદન કરી રવાના થઈ ગયા.

# અંતરીક્ષમાં ભારતનો વિશ્વવિક્રમ

**તંત્રીસ્થાનેથી...**

ભારતના અંતરિક્ષ કાર્યક્રમની સર્વોચ્ચ સફળતા તો મંગળયાન સ્વરૂપે દુનિયા આખીએ નિહાળી જ હતી. શ્રીહરિકોટા ખાતે કાર્યરત અંતરિક્ષ કેન્દ્રથી એકીસાથે ૧૦૪ સેટેલાઈટ અંતરિક્ષમાં તરતા મૂકી 'ઈસરો' એ નવો વિશ્વ વિક્રમ સર્જ્યો છે. 'ઈસરો'ના આદિપુરુષ અને અમદાવાદના પનોતા પુત્ર વિક્રમ સારાભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં અપાર પ્રસન્નતા અનુભવી રહ્યો હશે. આવી ભવ્ય વૈજ્ઞાનિક હરણફાળ હજી દુનિયાના સમૃદ્ધ દેશોની સરખામણીએ ઘણું જ પછાત ગણાતું ભારત ભરી રહ્યું છે, તે પણ વિશ્વના આધુનિક ઈતિહાસની યાદગાર ઘટના ગણાશે. ભારત પાસે સૌથી મોટી અસ્કામત હોય તો તે છે એના બૌદ્ધિકો. અહીં વિશ્વની પહેલી કવિતા રચાઈ, વિશ્વને પહેલું પુસ્તક પણ ભારતભૂમિએ જ આપ્યું. જયારે દુનિયા આખી અંધારામાં અટવાઈ રહી હતી ત્યારે ભારતનાં ઋષિઓ-મનીષીઓ અને તત્વચિંતકો બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલવામાં વ્યસ્ત હતા. દુનિયાને અક્ષર અને આંકડા આપણા જ પૂર્વજોએ આપ્યા છે. વર્ષો પછી ગેલેલિયો અને કોપરનિક્સ જેવા વૈજ્ઞાનિકોએ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને ગ્રહ-નક્ષત્રો વિશે જે સત્ય શોધી કાઢ્યું એ આપણા આર્યભટ્ટ અને વરાહમિહિર તો એમના આર્ષગ્રંથોમાં સેંકડો-હજારો વર્ષ પૂર્વે આલેખી ગયા હતા. અંતરિક્ષ શું, આત્મા અને પરમાત્મા સુધી આપણા મનીષીઓની ગતિ રહી છે. એટલે આજે આપણને એક ટાંચાં સાધનોવાળા ગરીબ દેશના વૈજ્ઞાનિકોની સિદ્ધિમાં રોમાંચ થાય છે, એનાં મૂળિયાં તો દૂરસુદૂર ભૂતકાળમાં પડેલાં છે. અલબત્ત, આ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી જ કે યુરોપ-અમેરિકાના સમૃદ્ધ દેશો એમના સેટેલાઈટો લોન્ચ કરવા માટે ભારત પર આધાર રાખતા થયા છે. આપણે આવી વિશ્વસનીયતા અને ચોકસાઈ કેળવી શક્યા તે આપણા અંતરિક્ષ વૈજ્ઞાનિકોના તપનું જ પરિણામ છે. એથી આપણે જરૂર ગર્વ અને ગૌરવ અનુભવીએ અને છાતી કાઢીને ફરી શકીએ. પરંતુ આ ઘટનાને જરા જુદી રીતે પણ મૂલવી શકાય. જે દેશો આપણને આવી મહત્ત્વની કામગીરી માટે 'હાયર' કરે છે - એ કંઈ વૈજ્ઞાનિક પ્રગતિમાં આપણી સરખામણીએ ઉતરતા તો નથી જ. એ તો વર્ષો પૂર્વે ચંદ્ર ઉપર જઈ આવ્યા છે. ત્યારે આપણે આવી સેવાઓ 'આઉટ સોર્સ' કેમ કરતા હશે વારું? એનું ખરું કારણ એ હોઈ શકે કે અહીં આપણે એમને સસ્તી સેવાઓ ઉપલબ્ધ કરાવીએ છીએ. આ જ સેટેલાઈટ અમેરિકા પોતાની ધરતી પરથી છોડે તો એને ઘણું મોઘું પડતું હશે. આખરે ભારતને સમૃદ્ધ દેશોના 'લેબર કોન્ટ્રાકટર'ની જ ભૂમિકામાં રહેવાનું હોય તો એ ગૌરવ લેવા લાયક બાબત ન ગણાય. આખી દુનિયામાંથી રાક્ષસી કદની તોતીંગ સ્ટીમરો આપણા દરિયા કિનારે આવીને લાંગરે છે. અલંગ-સોસિયો જેવો જહાજવાડો અમેરિકા-યુરોપમાં શોભેન હીં. એ જહાજો તોડવા-ફોડવાથી લઈ એના સ્પેરપાર્ટ્સના વેચાણનું માર્કેત ભારત કે ચીનમાં જ ચાલી શકે. પર્યાવરણને થનાર નુકસાન કે પ્રદૂષણની ચિંતા કરનારા સમૃદ્ધ દેશો આવી જફામાં પડવાનું પસંદ ન કરે. જો આવી જ માનસિકતા ભારતના લોન્ચિંગ પેડને હાયર કરવામાં અંતરિક્ષ કાર્યક્રમો અન્વયે રખાતી હોય તો તે ખૂબ જ ગંભીર બાબત ગણાવી જોઈએ. સ્વમાનના ભોગે મળતું માર્કેટ ભારત જેવા સતત વિકાસશીલ દેશને ન ખપે. અલબત્ત 'મેક ઈન અમેરિકા' નો આગ્રહ સેવનારા અને આઉટ સોર્સિંગ પર પ્રતિબંધો લાદવાની માનસિકતા ધરાવતા અમેરિકાના નવા સુકાની ટ્રમ્પને આવી સુવિધા આપતાં પૂર્વે ભારતીય ટેકનોક્રેટ્સ તથા અમેરિકામાં કામ શોધતા ભારતીય સમુદાય સાથે સારો વ્યવહાર કરવાની ફરજ પાડી શકાય કારણ કે એમને આવાં કામો માટે વારંવાર ભારતની ગરજ તો પડતી જ રહેવાની છે.

# પરસ્પરનો પ્રેમભાવ રાષ્ટ્રને વધુ મજબૂત અને સુઘટીત બનાવે છે




**ગાંધીના દાખલામાં ભારતીય કુટુંબને વિચારમાં વસુધૈવ કુટુંબકમ્**

ગાંધી અદ્વૈતમાં માનતા હતા. 'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ ન્યાયે માણસ માત્ર નહીં બલ્કે જીવમાત્રમાં એક જ આત્મા વ્યાપી રહ્યો છે એમ તેઓ સ્પષ્ટ માનતા હતા. આ માન્યતાના આધારે તેઓ એમ કહેતા કે આ દૃષ્ટિએ એટલે અંશે એક માણસ ચડે છે અગર પડે છે તેટલે અંશે આખુ જગત ચડે છે અગર પડે છે. એક માણસ માધ્યાત્મિક ઉન્નતિ કરે અને તેની આસપાસના નીચે પડે એ વાતને સાચી માનવા તેઓ તૈયાર ન હતા. ગાંધી આ રીતે પણ વ્યક્તિ નહીં પણ સમૂહ કે જૂથને જ જોતા હતા. વ્યક્તિ વિશેષને ધ્યાનમાં લેવાની સહજ ભારતીય સમાજની માનસિકતા ગાંધીના વિચારમાં સ્વીકૃત નહોતી.

ગાંધી આખી બાબત સમજાવતાં કહે છે એવો એક સદ્ગુણ નથી કે કેવળ એક વ્યક્તિનું કલ્યાણ તાકતો હોય અથવા એટલા માત્રથી તેને સંતોષ થતો હોય. આનાથી તદ્દન ઉલ્ટી બાબત એ દલીલમાં આગળ ધરતા કહે છે, એવો એક પણ નૈતિક ગુનો નથી, જે સીધી કે આડકતરી રીતે, ગુનો કરનાર ઉપરાંત બીજા ઘણાઓને પણ અસર કરતો ન હોય, એટલે માણસ સારો કે ખરાબ હોય કે કેવળ તેની અંગત બાબત નથી, વસ્તુતાએ આખા સમાજને - આખી દુનિયાને સ્પર્શતી બાબત છે.

ગાંધી કાયદાનું શાસન એટલે કે લોકશાહી આવે ત્યારે કાયદાને અનુસરનારા સમાજ ઘડતર માટે સમજણ આપતા તેઓ કહે છે, કુદરતમાં પ્રતિકર્ષણ પૂરતા પ્રમાણમાં ભલે હોય, પરંતુ મનુષ્ય કુદરતના પ્રતિકર્ષણની વ્યવસ્થા વચ્ચે પણ 'જીવે' છે આકર્ષણમાં. મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો પરસ્પરનો પ્રેમ કુદરતને ટકાવી રાખે છે. માણસ માત્ર સંહાકર દ્વારા જીવતો નથી એવો વિચાર તેઓ આતંકવાદના દિવસો ના હતા એ દિવસોમાં વ્યક્ત કરે છે. સ્વ-પ્રેમની સ્થિતિ બીજાઓ માટે આદર રાખવાની ફરજ પાડે છે. તેઓ એમ સમજાવે છે કે કોઈ પણ રાષ્ટ્રની વ્યક્તિને તેના રાષ્ટ્રની અંગભૂત વ્યક્તિઓ પ્રત્યે આદરભાવ હોય છે. આ પરસ્પરનો આદરભાવ રાષ્ટ્રને વધુ મજબૂત અને સુઘટીત બનાવે છે.

ગાંધીજી ભારતીય સમાજની આગવી ઓળખ એવા 'હિંદુ સંયુક્ત કુટુંબ'ની વ્યવસ્થાને લોકશાહી શાસન વ્યવસ્થાની સુદ્રઢતા સંદર્ભે દૃષ્ટાંત તરીકે ટાંકે છે. તેઓ કહે છે આપણે ભારતીયો જેમ કુટુંબના વણલિખિત કાયદા પ્રાણે કુટુંબમાં પરસ્પર પ્રેમ અને સહચર્યની જેમ રહીને કુટુંબ વિસ્તારીએ છીએ મોટાં કુટુંબો સરજ્યાં છે તેવી જ રીતે આપણે એક દિવસ રાષ્ટ્રીય કાયદાને આપણે વિશ્વવ્યાપી બનાવવો જોઈએ.

ગાંધી અને સ્પષ્ટતા પણ કરે છે કે નીતિના ધોરણ પ્રમાણે માણસમાત્ર સરખા છે. તેઓ અર્થ એમ નથી કે, દરેક માણસ એક સરખો હોદ્દો ભોગવે છે અથવા એક જાતનું કામ કરે છે. પણ તેનો અર્થ એ છે કે હું મોટો હોદ્દો ભોગવતો હોઉં તો તે હોદ્દાની જવાબદારી ઉઠાવવાની મારામાં શક્તિ છે. આ શક્તિ હોય એટલે મારે છકી જવાનું નથી, અને એમ નથી માનવાનું કે ઓછી જવાબદારી ઉઠાવનારાં બીજા માણસો મારાથી હલકાં છે. કોઈ બાબત સમજાવવા માટે ઉદાહરણ તરીકે પોતાની જાતને જ રજૂ કરે છે. કોઈ પણ મનુષ્યના વિચાર વર્તનમાં એકસરખાપણું જરૂરી છે. આપણી મનની સ્થિતિ ઉપર એકસરખાપણું આધાર રાખે છે. જયાં સુધી આપણા મનની એ સ્થિતિ ન થાય ત્યાં સુધી આપણે પછાત છીએ. ગાંધીના પછાતપણાનો માપદંડ જ્ઞાતિ-ધર્મ, ઊંચ-નિમ્ન કે સ્ત્રી-પુરુષ નહીં પરંતુ મનની એક સરખી વિચાર તટસ્થતા તેમના શબ્દમાં 'એકસરખા'પણું છે.

વણિકમાંથી વૈશ્વિક અને માણસ નામે મહાત્મા તરીકે પ્રજાએ સ્વીકારેલા ગાંધી બાપુ વસુધૈવ કુટુંબકમ્ના હિંદુ સંસ્કૃતિના વિચારનું પ્રકરણ કરતા કહે છે. મારું મિશન કેવળ હિંદવાસીઓની એકતા નથી, કે મારું મિશન કેવળ હિંદની આઝાદી નથી, પોતાનું આખું

અનુસંધાન પાના નં. ૭ પર

# બ્રહ્માનંદ સ્વામી અને ભૂજની વ્રજભાષા પાઠશાળા




વ્રજભાષા પાઠશાળા - ભૂજ (કચ્છ)માં સાહિત્ય - સંગીત તેમજ અનેક વિદ્યાઓની જાણકારી ખાણ (રાજસ્થાન)ના કવિ લાડુદાનજીએ પ્રાપ્ત કરી છે. અભયાસ પૂર્ણ થયા બાદ પાઠશાળાના નામને ઉજ્વળ કરી શકે તેવા આ સમર્થ કવિ અનેક નાના-મોટા રાજવીઓના દરબારમાં જાય છે. કવિ પોતાની યશસ્વી વિદ્યા તેમજ ઊંચી બુધ્ધિ પ્રતિભાના કારણે અનેક રાજવીઓની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આદર- સત્કાર પામે છે. આવી યાત્રા દરમિયાન કવિ ભાવનગરના સુપ્રસિધ્ધ મહારાજા વજેસિંહજીને મળે છે. મહારાજા વજેસિંહજી પણ કવિની કાવ્યશક્તિથી પ્રભાવિત થાય છે. રાજ્યની મહેમાનગતી માણતા અને રાજવી સાથે વિદ્યા વ્યાસંગ કરતાં કવિશ્રી ભાવનગરમાં રાજવીના આગ્રહ તથા સ્નેહથી રોકાયા છે. આ સમયે દરબારમાં એક વાત થઈ જે કવિના જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવનારી બની રહી. ભાવનગર તાબાના ગઢડામાં સ્વામિનારાયણ તરીકે ઓળખ પામેલા કોઈ તેજસ્વી પુરુષ પોતાના જ્ઞાન અને વ્યક્તિત્વથી સ્થાનિક લોકોનો અપૂર્વ આદર મેળવી રહ્યા છે તેવી વાત કહેવામાં આવી. આ પ્રતિભાસંપન્ન વ્યક્તિને અનેક લોકો ભગવાન ગણીને પૂજે છે તેવી વાત પણ રાજ્ય દરબારમાં કહેવામાં આવી. ચર્ચા દરમિયાન કોઈકે પ્રતિભાવ આપતા તર્ક કર્યો : કળિયુગમાં વળી ભગવાનનો અવતાર ક્યાંથી હોય ? ઉપરાંત સ્વામિનારાયણ નામ પણ દરબારમાં બેઠેલા સૌને અપરિચિત જણાયું. મહારાજાનો આગ્રહ અને પોતાની ઉત્કંઠાને હિસાબે કવિશ્રી સહજાનંદ સ્વામી તરીકે ઓળખાવતા આ પ્રભાવી પુરુષના દૈવત્વની કસોટી કરવા સવારી લઈને ગઢડા જવા નીકળ્યા. કવિરાજની સવારી કાઠી દરબારોના ગામ ગઢડામાં પહોંચી. કવિરાજ મળવા ગયા ત્યારે સ્વામી સહજાનંદ મુક્તાનંદ સ્વામી તથા કેટલાક ભક્તો સાથે બેઠા હતા. સ્વામી તમામ ભક્તમંડળ પર કૃપા કરી વચનામૃતના વચનો સંભાળવતા હતા. પ્રથમ દ્રષ્ટિએ રાજવી સમાન દેખાતા પ્રભાવી મહાકવિ એભલ ખાચરની ડેલીએ અશ્વ પર સવાર થઈને મહેમાન બનીને પહોંચ્યા. આવી ચડેલા પ્રભાવી અતિથિ શ્રીજી મહારાજનું દર્શન કરતાજ તેમનામાં ઓતપ્રોત થઈ ગયા. કવિનો સત્કાર શ્રીજી મહારાજે પણ અંતરના ઉમળકાથી કર્યો. મહારાજનું દર્શન કરીને કૃતાર્થ થયેલા શીઘ્રકવિએ પોતાના મનની વાતનું નીચેના સુંદર શબ્દોમાં બયાન કર્યું.

આજની ઘડી રે ધન્ય આજની ઘડી
નેણે નિરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી.

પોતાના પ્રિય વતન મારવાડ તરફથી મુખ ફેરવી લાડુદાનજી શ્રીજી મહારાજના થઈને રહ્યાં પોતાની અસાધારણ કાવ્યસર્જન શક્તિને કારણે મહારાજના અનેક પદોની રચના કરી. આજે પણ બ્રહ્માનંદ સ્વામી તરીકે ઓળખતા આ પ્રતાપી સાધુના પદો - કિર્તનો મોટા પ્રમાણમાં ગવાતા અને ઝીલાતા હોય છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના મહાન સાધુ તથા સાહિત્યના સમર્થ સર્જક બ્રહ્માનંદ સ્વામી તેમની ઉત્કટ ભક્તિ તેમજ ઉત્તમ સર્જનો માટે સદાકાળ જીવંત છે. આજ રીતે આવા મોટા ગજાના કવિને તૈયાર કરનાર કચ્છની વ્રજભાષા પાઠશાળા પણ ઈતિહાસમાં અલગ માન અને સ્થાન ધરાવે છે. આપણે આપણી નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠનો ગૌરવથી ઉલ્લેખ કરીએ છીએ. વિશ્વમાં નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠની બરાબરી કરી શકે તેથી તે કાળમાં ઘણી ઓછી સંસ્થાઓ હતી તેની દેશ - વિદેશના ઈતિહાસકારોએ તેમજ વિશ્વ પ્રવાસીઓએ નોંધ કરી છે. આવુંજ વિદ્યાનું એક ઉત્તમ ધામ એટલે ભૂજની વ્રજભાષા પાઠશાળા. બ્રહ્મમુની પણ ભૂજની આ પાઠશાળાના અમૂલ્ય રત્ન સમાન હતા. કચ્છના વિદ્વાન રાજવી મહારાવ શ્રી લખપતજી તથા તેમના રાજયકવિ હમીરજી રત્નુની સાહિત્ય પ્રીતિ તેમજ ઉદારતા અને દીર્ઘદ્રષ્ટિને કારણે આ સંસ્થાનો ઉદ્દભવ થયો અને ક્રમશઃ વિકાસ થયો. લગભગ બસ્સો વર્ષ સુધી (ઈ.સ. ૧૭૪૯ થી ૧૯૪૮) આ પાઠશાળા કાર્યરત રહી. દેશના અનેક ભાગમાંથી સાહિત્ય તેમજ સર્વગ્રાહી શિક્ષાની દીક્ષા પ્રાપ્ત કરવા માટે વિદ્યાના ઉપાસકો અહીં આવતા હતા. કચ્છના સર્વાંગિ ઈતિહાસની નોંધ મુજબ મહારાવ શ્રી લખપતજીએ ઈ.સ.૧૭૪૨ માં કચ્છ રાજ્ય શાસનની બાગડોર સંભાળી. રાજવી લખપતજીનો વિધિસર રાજ્યાભિષેક મહારાવ શ્રી દેશળજીના નિધન બાદ ઈ.સ. ૧૭૫૨ માં કરવામાં આવ્યો. લખપતજી સાહિત્ય, સંગીત અને કળાઓના પ્રેમી હતા. રાજવીએ સ્વયં પણ છંદશાસ્ત્ર, રસશાસ્ત્ર તથા પિંગળનો અભ્યાસ કર્યો હતો. રાજવી ઉર્દૂ, ફારસી તથા સંસ્કૃતનું પણ જ્ઞાન ધરાવતા હતા. મહારાવશ્રી પોતે તો જીવનના પાંચ દાયકા પણ પૂરા કરી ન શક્યા પરંતુ તેમણે આ ટૂંકા આયખામાં અનેક ચિરંજીવી કાર્યો કર્યા. સુવિખ્યાત સર્જક શ્રી દુલેરાય કારાણીએ લખ્યું છે તેમ કચ્છનો ઈતિહાસ એટલે એક મહાસાગર છે તેમજ આ મહાસાગરને તળિયે અનેક રત્નો પડેલા છે. મહારાવ શ્રી લખપતજી આવા એક અમૂલ્ય રત્ન સમાન હતા. વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય કવિ શ્રી શંભુદાનજી અયાચીએ મહારાવ લખપતજીના સંદર્ભમાં ટાંકેલો એક દોહો થોડામાં ઘણું કહે તેવો છે.

ભર્તુહરીને ભોજ રે (રહ્યા) સમય અધૂરા સાર,
સો પૂરા કરવા કાજે, (કચ્છ) લખપત આયો લાર.

સુવિખ્યાત કવિ અને ભકત માવદાનજી રત્નુ ઉપરાંત સ્વામિનારાયણ ગુરૂકુળ – સુરેન્દ્રનગરના વિદ્વાન શાસ્ત્રી નારાયણ સેવાદાસજીએ પણ સત્સંગીઓના લાભાર્થે બ્રહ્મમુનીના સાહિત્યનું નોંધપાત્ર પ્રકાશન કરેલું છે. આ પણ એક ઉમદા પ્રયાસ છે. સંસારી લાડુદાનજી સ્વામિનારાયણ દેવના પારસમણી સ્પર્શથી બ્રહ્માનંદ સ્વામી બનીને વિશેષ ઝળકી ઉઠ્યા. પરંતુ મૂળમાં બ્રહ્માનંદ સ્વામિની એક મોટા ગજાના સર્જક તરીકેની શક્તિ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્યકોશ ખંડ-૧ માં લખ્યું છે :

"કવિએ રચેલાં ભક્તિ તથા વૈરાગ્યના પદો શૌર્યસભર શૈલીથી વિશિષ્ટ ખુમારીનો અનુભવ કરાવે છે. સૌરાષ્ટ્રની બોલીનો રણકો, પ્રાસ-અનુપ્રાસ મેળવવાની સહજશક્તિ, પદરચનાના સફાઈ કે માધુર્ય સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતામાં તો મોખરાનું સ્થાન ભોગવે છે. પરંતુ ગુજરાતી પદ્યસાહિત્યમાં પણ વિશિષ્ટ બની રહે છે.

# 'ન સાંભળે કોઈ' શિર્ષકનાં કાવ્યો સૌએ સાંભળ્યાં




ગાંધીનગર સાહિત્યસભામાં 'સર્જનની કૅફિયત' અંતર્ગત કવિ પ્રવિણ ગઢવીના કાવ્યસંગ્રહ 'ન સાંભળે કોઈ'નાં કાવ્યોને સર્વેએ મનભર માણ્યાં.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગરવી ગુજરાતના પનોતા-ગરવા ગુજરાતી સાહિત્યને મધમધતુંને ફોરતું રાખવા યોજાયા કાર્યક્રમો પૈકીના 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત, ગાંધીનગરવાસી - નિવૃત્ત આઈએસ, ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ-વાર્તાકાર પ્રવીણ ગઢવીના તાજેતરમાં પ્રગટ થયેલા ઈરુમા કાવ્યસંગ્રહ 'ન સાંભળે કોઈ' માં સમાવિષ્ઠ કાવ્યોના પઠન અને તેઓની સર્જનયાત્રાનો સાહિત્યિક કાર્યક્રમ; સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને તા.૧૨-૨-૨૦૧૭ની સલૂણી સાંજે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે નિવૃત્ત આઈએએસ અને હાસ્યલેખક પી.એમ. આચાર્ય, દલિત વાર્તા - નવલ કથાકાર બી. કેશર શિવમ્; દલિત કવિ-વાર્તાકાર ભી.ન. વણકર, કવિ ઉજમશી પરમાર, ભાનુપ્રસાદ દવે અને જિતેન્દ્ર કા. વ્યાસની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

કાર્યક્રમની શુભ શરુઆત શબદની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવી, અધ્યક્ષ સ્થાને ભરત કવિએ સર્વે આવકાર આપી. મહેમાન પ્રવીણ ગઢવીની ઓળખ આપી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી માસમાં જે સભ્યના જન્મદિન આવે છે તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રવીણ ગઢવીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

પ્રવીણ ગઢવીએ તેઓની સર્જન કેફિયત રજૂ કરતા જણાવ્યું કે તેઓશ્રીનો જન્મ વિખ્યાત મોઢેરા ખાતે એક કવિ દિલ પિતાને ઘરે થયો હતો. તેઓના પિતા સ્કૂલના હેડ માસ્તર હતા અને તેઓ ચારણી સાહિત્યના અભ્યાસુ હોવાથી, તેમણે પણ પુસ્તકો વાંચવાની રૂચિ પેદા થઈ અને આ વાંચનની ટેવમાંથી તેમને લખવાની લત અને તેમના શબ્દોમાં લેખનની કુટેવ શરુ થઈ. શરુઆતથી તેમના મિત્રો દલિતો - વંચિતો હોવાથી અને ગામમાં આસપાસ દલિતો રહેતા હોવાથી તેઓની પીડા, વ્યથા, વેદના, અવમાન અને અવહેલના નજરોનજર જોવાથી તેઓના કાવ્યોમાં - વાર્તાઓમાં દલિત-પ્રતિબદ્ધથી અસ્પૃશ્યતા, અવમાન, અવહેલના, અસમાનતા, દરિદ્રતા, આપખુદશાહી, સાંપ્રદાયિકતા, અંધશ્રદ્ધા સામે ઉઠાવેલ અવાજનો પડઘો પડે છે.

પ્રવીણ ગઢવી અદલિત ચારણ હોવા છતાં, રાષ્ટ્રીય શાયર મેઘાણીએ જ દલિતોની પીડાને-વ્યથાને જનજન સુધી પહોંચાડવા જેમ સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે અને લોકકવિ પદ્મ શ્રી દુલાભાયા કાગે પણ છેક અંગ્રેજોના દુહાઓ અને છંદોમાં વર્ણવી તેમ, તેમણે પણ કાગ અને મેઘાણીના દલિત પ્રેમ વિશે સ્વતંત્ર અભ્યાસ લેખો આપ્યા છે, જે અન્ય કોઈ અદલિતે આપ્યા નથી તે કેવી વિડંબના!

પ્રવીણ ગઢવીએ દસ કાવ્ય સંગ્રહો, પાંચ વાર્તાસંગ્રહો, ત્રણ વિવેચન સંગ્રહો અને બે સંપાદનો આપેલ છે. તાજેતરમાં તા. ૧૧-૧૨-૨૦૧૬ના રોજ તેમના વધુ બે દલિત વાર્તાસંગ્રહો (૧) છદ્મરૂપ અને (૨) આભડછેટના ઓછાયાનો વિમોચન અને લોકાર્પણ કાર્યક્રમ, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મૂર્ધન્ય સાહિત્યકાર ચૌધરીના અધ્યક્ષપદે યોજાયો હતો. તેમને 'સૂરજ પંખી' ટૂંકી વાર્તા સંગ્રહને ગુજરાત સરકારનો પ્રથમ પુરસ્કાર, 'કલાપી તીર્થ'ને કલેકટર અમરેલી તરીકે ગુજરાત સરકારનો પુરસ્કાર કવિ ડાહ્યાભાઈ પટેલ ટ્રસ્ટ તરફથી સાહિત્ય સર્જન માટે સુવર્ણચંદ્રક અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી તરફથી 'સવાયા દલિત સાહિત્યકાર' તરીકે પુરસ્કૃત થઈ પોંખાયેલ છે.

- રાજકોયના યુવા કવિ પારસ હેમાણીના દ્વિતીય કાવ્ય સંગ્રહ 'આપણી વાત'નું વિમોચન, મેયર ડૉ. જૈમિનભાઈ ઉપાધ્યાય, ફૂલછાબ દૈનિકના મેનેજર નરેન્દ્રભાઈ જીબા અને નટવર આહલપરાના અતિથિ વિશેષ પદે, કવિના માતા-પિતા દક્ષાબેન તથા ડૉ. એસ.ટી. હેમાણી અને કાકા કિશોરભાઈના વરદ્હસ્તે કરાયા બાદ કવિ સંમેલન યોજાયું હતું.
- ગાંધીનગરના સાહિત્યકાર અને ગાંધીનગર સા.સભાના સભ્ય બી. કેસર શિવમ્ની આત્મકથા 'પૂર્ણસત્ય'નું મરાઠીમાં ભાષાંતર સુધાબેન બોડા દ્વારા કરવામાં આવ્યું છે. જેનો વિમોચન કાર્યક્રમ પૂના ખાતે મરાઠી સાહિત્યકાર ઉત્તમ કાંબલેની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.
- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા, ગુજરાત સમાચારના વરિષ્ઠ કટાર લેખક તથા અગ્રણી સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ દોલતભટ્ટને તેમના પુસ્તક 'સમાજના શ્રેષ્ઠી' માટે શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અને દુનિયાને ઊંધા ચશ્મા નામની 'ચિત્રલેખા' માં ૪૫ વર્ષો સુધી પ્રસિદ્ધ થયેલી કટારના લેખક નવલકથાકાર - હાસ્યલેખક તારક મહેતાને રમણભાઈ નીલકંઠ હાસ્ય પારિતોષિકથી નવાજવામાં આવ્યો. ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર.